# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com CIN: U40102GJ2003SGC042908;


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/૬૨૦૬ તારીખ : ૧૩ - ૦૯ - ૨૦૨૨

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
સાકરીયા સંજયભાઈ અરજણભાઈ
રામજી મંદિર વાળી શેરી,
મું. પો. : નાના કેરાળા, તા.:વઢવાણ, જી.:સુરેન્દ્રનગર,
પીન કોડ. : ૩૬૩૦૩૦
મોબાઈલ : ૬૩૫૪૭૭૨૧૯૨

વિષય : થ્રી ફેઇઝ નવું ઔદ્યોગિક જોડાણ લેવા બબાતે ફરિયાદ.
સંદર્ભ : આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૧૬-૦૭-૨૦૨૨ (અત્રેના ફોરમની નોંધણી નંબર:૦૪/ક્વા-૨/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, હળવદ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, હળવદ ગ્રામ્ય.

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૪/ક્વા-૨/૨૨-૨૩/ 6206 તા. 13-9-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૦૪/ક્વા-૨/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : સાકરીયા સંજયભાઈ અરજણભાઈ ગામ: નાના કેરાળા |
| પેટા વિભાગીય કચેરી | : હળવદ ગ્રામ્ય |
| રજૂઆત કરનાર | : અરજદાર હાજર રહેલ નથી. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –હળવદ |
| રજૂઆત કરનાર | : શ્રી કે.ડી.નીનામા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી હળવદ તથા હળવદ શ્રી એમ.એન.નીનામા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય હળવદ હાજર રહેલ હતા. |

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ | : ૧૩.૦૯.૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫.૦૮.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર પક્ષકાર તરફથી સાકરીયા સંજયભાઈ એ. અને તેમની સાથે સોલંકી સજુભા સી હાજર રહેલ હતા. તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી કે.ડી.નીનામા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી હળવદ તેમજ તેમની સાથે શ્રી આર. જે. દત્તાણી નાયબ અધિક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી હળવદ હાજર રહેલ હતા. સદર સુનાવણી દરમ્યાન કેસને સ્પર્શતા સ્થળ તપાસ અને કોર્ટ મેટરની વિગતો રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપેલ હતી. ત્યારબાદ સદર કેસની ફરી વખત સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૨ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર પક્ષકાર તરફથી સાકરીયા સંજયભાઈ એ. અને તેમની સાથે સોલંકી સજુભા સી હાજર રહેલ હતા. તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી કે.ડી.નીનામા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી હળવદ તથા શ્રી એમ.એન.નીનામા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય હળવદ અને શ્રી એમ.એ.રાજયગુરૂ, અધિક્ષક હિશાબનીશ (રેવ.), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી હળવદ હાજર રહેલ



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

હતા. સદર સુનાવણી દરમ્યાન બન્ને પક્ષકારોની રજૂઆત ધ્યાને લેતા અરજદારની નવા વીજજોડાણની અરજી મુજબ સ્થળ તપાસ કરવાની બન્ને પક્ષકારોને સુચના આપેલ જેનો રીપોર્ટ દિવસ-૦૭ માં રજુ કરવા જણાવેલ જે રજુ થયે સદર કેસની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે ત્યારબાદ સદર કેસની ફરી વખત સુનાવણી તા.૧૩.૦૯.૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા હળવદ તાલુકાના જુના અમરાપર ગામના બિનખેતી સર્વે નં.૧૯૩ માં સેન્ડ વોશ માટેના પ્લાન્ટ માટે 30 KW ના ઔદ્યોગિક વીજજોડાણ માટે અરજી કરેલ. જે અન્વયે રસીદ નં. RL૭૦૮૯૯૪ તા.૦૭.૦૪.૨૦૨૨ થી રૂ.૪૭૨/- રજીસ્ટ્રેશન ચાર્જ પેટે ભરપાઈ કરેલ.

૨.૧ નામદાર GERC ના જાહેરનામા ૦૪/૨૦૧૫ માં નવા વીજજોડાણ લેવા માટેના લાગુ પડતા સપ્લાય કોડ મુજબ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથે અરજી કરેલ, જે અરજી હળવદ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના અધિકારી દ્વારા ચકાસણી કર્યા બાદ તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ સ્વીકાર કરેલ અને નોધણી કરેલ. સદર અરજી અન્વયે અરજદાર દ્વારા વીજજોડાણ બાબતે તપાસ કરતા સંલગ્ન કચેરી ખાતેથી અરજદારને મૌખિક કહેવામાં આવેલ કે "તા.૧૦.૨.૨૦૨૨ ના રોજ ઈંગોરાળા ગામની સીમમાં કોઈ બટુકભાઈ સાકરીયાનું ઔધોગીક વિજજોડાણ પાવરચોરીમાં પકડાયેલ તે પકડાયેલ વિજજોડાણમાંથી કોઈ બીજા વિજજોડાણને કેબલથી પાવર આપવામાં આવતો હતો. પી.જી.વી.સી.એલ.ના કહેવા મુજબ તે કેબલ દ્વારા આપવામાં આવેલ બિન અધિકૃત વિજજોડાણ અરજદારનું હતુ." જે અનુસંધાને અરજદાર વધુમાં જણાવે છે કે સદર પાવરચોરીના કેસના દસ્તાવેજોની તપાસ કરતા તેમાં અરજદાર દ્વારા માંગવામાં આવેલ અમરાપરની સીમના સર્વે નં.૧૯૩ ની જગ્યાનો કે અરજદારના નામનો કોઈ ઉલ્લેખ કરાયેલ નથી.

૨.૨ નામદાર GERC ના સપ્લાય કોડના જાહેરનામા 4/2015 ના સેકશન-૪, કલોઝ 4.1 મુજબ વિજ પુરવઠો પુરા પાડવાની પરવાનેદારની જવાબદારી છે. તેમજ GERC ના Sop 2005 ના સેકશન 9.3 મુજબ અરજદારને ઔધોગીક જોડાણની અરજી કર્યાના ૧૦ દિવસમાં અંદાજપત્રક આપવાનું હોય છે. તેમજ અંદાજપત્રક ભર્યા બાદ ૨૦ દિવસમાં કનેકશન ચાલુ કરવાનું હોય છે.

૨.૩ આમ, અરજદારે સદર રજૂઆતને ધ્યાનમાં લઇ નામદાર GERC ના નિયમ મુજબ માંગેલ ઔધોગીક વીજજોડાણ તુરત જ મળે તેવો હુકમ કરવા ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે.

૨.૪ અરજદાર વધુમાં જણાવે છે કે સદર પાવરચોરીના કેસના કારણે તેઓનું વીજજોડાણ અટકાવવું તે GERCના નિયમ વિરુદ્ધ હોય, અરજદાર દ્વારા સદર વીજજોડાણ તુરતજ મળે તે માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે હળવદ વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદના અરજદારશ્રી સાકરીયા સંજયભાઈ અરજણભાઈ દ્વારા મોજે. જુના અમરાપર, તા.હળવદ ગામની સીમના રેવેન્યુ સર્વે નંબર ૧૯૩ માં રેતીના વોશ પ્લાન્ટ માટે ઔધોગીક વીજજોડાણ માટેની અરજીની તા. ૦૫.૦૪.૨૦૨૨ ના રોજ SR નં. ૧૪૮૭૭033 ખાતે રૂપીયા ૪૦૦/- + GST (18%) = ૪૭૨ રસીદનં. ૭૦૯૮૮૪ થી ભરપાઈ કરી નોંધણી કરાવેલ હતી.

૩.૧ ત્યારબાદ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરતા માંગણીવાળી જગ્યા પર પી.જી.વી.સી.એલ. કંપની દ્વારા અગાઉ પાવરચોરીનું થેફ્ટનું બિલ આપવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ હતું. જેથી નાયબ ઈજનેર દ્વારા ચેકીંગ અધિકારીને સાથે રાખી સ્થળ તપાસણી કરતા અને ઓફીસ રેકર્ડ ચેક



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

કરતા મોજે ગામ ઇંગોરાળા, તા.હળવદ ખાતે શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયાના નામનું ગ્રાહક નં.૭૩૬૧૯/૦૦૨૦૬/૧ થી ચાલતા ઔદ્યોગિક વીજજોડાણમાં તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ ચેકીંગ અધિકારી/કર્મચારીઓ દ્વારા ચેકીંગ કરતા મીટર પેટી પર લાગેલ પ્લાસ્ટીક સીલ ટેમ્પર્ડ હોવાનું અને મીટરની ડિસ્પ્લેમાં પેરામીટર નોંધતા B-ફેઇઝ વોલ્ટેજ "0" શુન્ય નોંધાયેલ હતું. જેથી, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ દ્વારા તા.૧૯.૦૨.૨૦૨૨ ના રોજ રૂ.૧૫૨૦૫૮૦.૯૧/- નું વીજઅધિનિયમની કલમ ૧૩૫ મુજબનું પાવરચોરીનું બિલ અને રૂ.૫૪૬૯૦૨૦.૦૦ કમ્પાઉન્ડ ચાર્જનું બિલ આપવામાં આવેલ હતું. જેમાં તા.૧૦.૦૨.૨૦૨૨ના રોજ સ્થળ પરના ચેકીંગ અધિકારીઓ દ્વારા વીજવપરાશ બે પ્લાન્ટમાં થતો હોવાનું દર્શાવેલ છે. જેમાંથી એક પ્લાન્ટ શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયાના વીજજોડાણ માટે રાખવામાં આવેલ વીજમીટર વાળી જગ્યા અને બીજો પ્લાન્ટ હયાત વીજજોડાણ વાળા પ્લાન્ટથી આશરે ૧૨૦૦ મીટર દુર હરીકૃષ્ણ મેગ્નેશિયમ (ગ્રાહક નં. ૭૩૬૧૮/૦૦૧૦૦/૨) ની પાછળના ભાગમાં આવેલ હોવાનું નકશામાં બતાવેલ છે. આમ, સદર નવા વીજજોડાણની માંગણીવાળી જગ્યા અને તા.૧૦.૦૨.૨૦૨૨ના રોજ ચેકીંગ દરમ્યાન પ્લાન્ટ-૦૨ તરીકે બતાવેલ જગ્યા એક જ હોવાનું ચેકીંગ અધિકારી દ્વારા રોજકામ કરી બતાવવામાં આવેલ છે. આમ, શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયા દ્વારા માંગવામાં આવેલ ઔદ્યોગીક વીજજોડાણવાળી જગ્યાએ વીજ કંપની દ્વારા પાઠવવામાં આવેલ પાવરચોરીનું બિલ બાકી હોવાથી હળવદ (ગ્રામ્ય) પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૩૦.૦૭.૨૦૨૨ થી નવા વીજજોડાણની અરજી રદ કરવાની જાણ કરતો પત્ર પાઠવવામાં આવેલ છે.

3.૨ શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયા દ્વારા માંગવામાં આવેલ ઔદ્યોગીક વીજજોડાણ જગ્યાએ વિજજોડાણ આપવા માટે સર્વે કરવામાં આવેલ જેમાં બતાવવામાં આવેલ ચતુર્દીશા માંગણીવાળા સર્વે નંબર:-૧૯૩ની દર્શાવવામાં આવેલ છે. જેની સરખામણી વિજચેકીંગ દરમ્યાન પ્લાન્ટ નંબર-૦૨ સાથે કરતા ચતુર્દીશા મુજબ બંને જગ્યા એક જ હોવાનું માલુમ પડેલ છે. જેથી,પ્લાન્ટ નંબર-૦૨ વાળી જગ્યા સર્વે નંબર:-૧૯૩ વાળી હોવાનું સાબીત થાય છે, જે અંગેના આધાર પુરાવા રજુ કરેલ છે. તદુપરાંત, વિજચેકીંગ દરમ્યાન સ્થળ ઉપર ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરવામાં આવેલ છે, જે રજુ કરેલ છે અને વિજજોડાણ મેળવવા અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયાના વિજજોડાણના દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરતા લીઝ એગ્રીમેન્ટ મુજબ પ્લાન્ટ-૧ અને પ્લાન્ટ-૨ અનુક્રમે સર્વે નંબર:-૩૭૨ P ૫ અને સર્વે નંબર:-૧૯૩વાળી બંને જગ્યાના માલીક શ્રી સંજુભા ચંદુભા સોલંકી છે.

3.3 ઈલેક્ટ્રીસીટી અધિનિયમ-૨003ની ૧૩૫ કલમ મુજબ આપવામાં આવેલ બિલ સામે શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા SCA-૫૩૦૭ તા.૧૪.૦૩.૨૦૨૨ નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદથી દાખલ કરવામાં આવેલ છે. તેની મુદત તા.૩૦.૦૩.૨૦૨૨ હતી. જે અનુસંધાને તા.૩૦.૦૪.૨૦૨૨ના રોજ એફીડેવીટ નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ દ્વારા રજુ કરવામાં આવેલ અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તા.૦૨.૦૫.૨૦૨૨ના રોજ દસ્તાવેજી પુરાવા સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટના વકીલ દ્વારા રજુ કરવામાં આવેલ. ત્યારબાદ,તા.૦૬.૦૭.૨૦૨૨ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા જણાવવામાં આવેલ કે પુરવણીબીલના પચાસ ટકા (૫૦%) રકમ અરજદાર ભરવા તેયાર છે જે અંગે તા.૦૧.૦૮.૨૦૨૨ની તારીખ નામદાર કોર્ટ દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ હતી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૨૪.૦૮.૨૦૨૨ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ, સદર ગ્રાહકશ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા સદર મુદત સુધી કોઈપણ રકમ ભરપાઈ કરેલ ન હતી. હાલમાં,નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૦૭.૦૯.૦૨૦૨૨ની મુદત આપવામાં આવેલ હતી ત્યારબાદ તા.૧૪.૦૯.૨૦૨૨ ની મુદત અપાયેલ છે જે અન્વયે આજદીન સુધી કોઈપણ જાતનું પેમેન્ટ કરવામાં આવેલ નથી.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૪ ફરિયાદી અરજદાર શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયા દ્વારા માંગવામાં આવેલ ઔદ્યોગીક વીજજોડાણવાળી જગ્યાએ વીજકંપની દ્વારા પાઠવવામાં આવેલ પાવરચોરીનું બિલ બાકી હોવાથી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ પત્ર નં -૮૬૭૯ તા.૨૦.૦૫.૨૦૨૨ થી નવા વીજજોડાણની અરજી રદ કરવાની જાણ કરતો પત્ર પાઠવવામાં આવેલ છે.

૩.૫ સદર કેસની સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૨ અન્વયે સ્થળ તપાસનો રીપોર્ટ કરવા બન્ને પક્ષકારને ફોરમ દ્વારા સુચના આપેલ જે અનુસંધાને ફરિયાદી અરજદાર અને તેના પ્રતિનિધિની હાજરીમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૭.૦૯.૨૦૨૨ ના રોજ અરજદારની નવા વીજજોડાણની અરજીમાં જણાવેલ સર્વે નંબર: ૧૯૩ ગામ: જુનાઅમરાપર ખાતે રોજકામ કરેલ તેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત મુજબ તેઓએ નવું થ્રી ફેઇઝ ઇન્ડસ્ટ્રીયલ વીજજોડાણ હળવદ તાલુકાના જુના અમરાપર ગામના બિનખેતી સર્વે નં.૧૯૩ માં સેન્ડવોશ માટેના પ્લાન્ટ માટે ૩૦ KW ના ઔદ્યોગિક વીજજોડાણ માટે અરજી કરેલ. જે અન્વયે રસીદ નં. RL૭૦૮૯૯૪ તા.૦૭.૦૪.૨૦૨૨ થી રૂ.૪૭૨/- રજીસ્ટ્રેશન ચાર્જ પેટે ભરપાઈ કરેલ.

૪.૨ નામદાર GERC ના જાહેરનામા ૦૪/૨૦૧૫ માં નવા વીજજોડાણ લેવા માટેના લાગુ પડતા સપ્લાય કોડ મુજબ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથે અરજી કરેલ, જે અરજી હળવદ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના અધિકારી દ્વારા ચકાસણી કર્યા બાદ તા.૦૭.૦૪.૨૦૨૨ ના રોજ સ્વીકાર કરેલ અને નોધણી કરેલ.

૪.૩ સદર અરજી અન્વયે અરજદાર દ્વારા વીજજોડાણ બાબતે તપાસ કરતા સંલગ્ન કચેરી ખાતેથી અરજદારને મૌખિક કહેવામાં આવેલ કે "તા.૧૦.૨.૨૦૨૨ ના રોજ ઈંગોરાળા ગામની સીમમાં કોઈ બટુકભાઈ સાકરીયાનું ઔધોગીક વિજજોડાણ પાવરચોરીમાં પકડાયેલ તે પકડાયેલ વિજજોડાણમાંથી કોઈ બીજા વિજજોડાણને કેબલથી પાવર આપવામાં આવતો હતો. પી.જી.વી.સી.એલ.ના કહેવા મુજબ તે કેબલ દ્વારા આપવામાં આવેલ બિનઅધિકૃત વિજજોડાણ અરજદારનું હતુ." જે અનુસંધાને અરજદાર વધુમાં જણાવે છે કે સદર પાવરચોરીના કેસના દસ્તાવેજોની તપાસ કરતા તેમાં અરજદાર દ્વારા માંગવામાં આવેલ અમરાપરની સીમના સર્વે નં.૧૯૩ ની જગ્યાનો કે અરજદારના નામનો કોઈ ઉલ્લેખ કરાયેલ નથી.

૪.૪ સામેવાળા પક્ષકારની રજૂઆત મુજબ સદર અરજદારની નવીન વીજજોડાણ વાળી જગ્યાની સ્થળ તપાસ અરજદાર સંજયભાઈ અરજણભાઈ સકારિયાની હાજરીમાં તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ સર્વે કરેલ તે મુજબ વીજકંપની દ્વારા અગાઉ ગામ: ઈંગોરાળા તા. હળવદના બટુકભાઈ મથુરભાઈ સાકરીયાના ઔદ્યોગિક વીજજોડાણ ગ્રાહક નં.૭૩૬૧૯/૦૦૨૦૬/૧ નું તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ ચેકિંગ કરતા ઈલેક્ટ્રીસીટી એક્ટ અન્વયે કલમ ૧૩૫ હેઠળ હળવદ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૯.૦૨.૨૦૨૨ ના રોજ રૂ.૧૫૨૦૫૮૦.૯૧ પાવરચોરીનું બીલ અને રૂ.૫૪૬૯૨૦.૦૦ નું કમ્પાઉન્ડીંગ ચાર્જનું બીલ આપવામાં આવેલ હતું. સદર ચેકિંગ કરાયેલ રીપોર્ટ મુજબ સદર વીજજોડાણમાંથી વીજવપરાશ બટુકભાઈ મથુરભાઈ સાકરીયાના પ્લાન્ટમાં અને સદર વીજમીટર વાળી જગ્યાથી આશરે ૧૨૦૦ મીટર દુર હરિકૃષ્ણ મેગ્નેશીયમની પાછળના ભાગમાં આવેલ અન્ય પ્લાન્ટમાં વીજવપરાશ બતાવેલ છે. આમ, અરજદારની નવા વીજજોડાણની અરજીમાં બતાવેલ જગ્યા અને ચેકિંગ અધિકારી દ્વારા કરાયેલ રોજકામ મુજબની બતાવેલ જગ્યા એકજ હોવાનું માલુમ પડેલ છે. જે બાબતો ધ્યાનમાં રાખીને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અરજદારની નવા વીજજોડાણની અરજી દફતરે કરેલ છે, જેની અરજદારને તા.૨૦.૦૫.૨૦૨૨ ના રોજ લેખિત પત્ર દ્વારા જાણ કરેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૫ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની નવા વીજજોડાણની અરજી (A-૧) ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજી આધાર-પુરાવાઓ જોડેલ છે.

- અરજદારને નવું વીજજોડાણ મેળવવાનું છે તે જગ્યા હળવદ તાલુકાના ગામ: જુના અમરાપર ગામના સર્વે નં. ૧૯૩, જુના રે.સ.ન. ૧૮૪/૨ ચો.મી.ની જમીન ૩૩૫૧ ચો.મી. બહુહેતુક ઉપયોગ માટે બિનખેતીમાં ફેરવાયેલ છે, સદર જગ્યા અરજદાર શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયાએ ૧૧ વર્ષના ભાડાપટ્ટાની મુદ્દતે (તા.૩૧.૧૨.૨૦૩૨ સુધી) સંજુભા ચંદુભા સોલંકી પાસેથી રજી. ભાડા કરાર નં. ૪૫/૨૦૨૨ થી તા.૦૪.૦૧.૨૦૨૨ ના રોજ ભાડાપટ્ટે રાખેલ છે. સદર ભાડા ખતના પેઈજ નં -૦૨ માં જણાવેલ ચતુર્દીશા નીચે મુજબ છે.
- ચતુર્સીમા

  ઉતરે : - આ બાજુ રસ્તો ત્યારબાદ ઈંગોરાળાનો સીમાડો આવેલ છે.

  દક્ષીણે : - આ બાજુ રે.સ.ન.-૧૯૨ તથા ૧૯૭ વાળી જમીન આવેલ છે.

  પૂર્વ : - આ બાજુ રે.સ.ન.-૧૯૪ વાળી જમીન આવેલ છે.

  પશ્ચીમે : - આ બાજુ રે.સ.ન.-૧૯૨ વાળી જમીન આવેલ છે.
- સદર નવા વીજજોડાણ માટેની જગ્યામાં બાંધકામની પરવાનગી અંગેનો ઠરાવ – ગ્રામ પંચાયત સામાન્ય સભા બેઠક નં – ૦૪ તા.૦૪.૦૪.૨૦૨૨ થી ગ્રામ પંચાયત કચેરી ગામ-જુના અમરાપર દ્વારા મંજુર કરી આપેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.
- પી.જી.વી.સી.એલ.ની ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ દ્વારા તા.૦૫.૦૪.૨૦૨૨ ના રોજ બાકી લેણા અંગે "ના બાકી પ્રમાણપત્ર" આપેલ છે. જેમાં જુ.આસી., સીની.આસી./નાયબ અધિક્ષક ની સહી થયેલ છે, જયારે નાયબ ઇજનેરની સહી થયેલ નથી.
- અરજદાર દ્વારા તેનું આધાર કાર્ડ, પાનકાર્ડ તથા ચુંટણી કાર્ડ ઓળખપત્ર તરીકે શામેલ રાખેલ છે તથા રંજનબેન સંજયભાઈ સાકરીયાના નામ વાળું રેશનકાર્ડ જોડેલ છે.
- અરજદાર સંજયભાઈ અરજણભાઈ સાકરીયા દ્વારા નવા વીજજોડાણ લેવા માટેનું નોટરાઈઝ સોગંદનામું તા.૦૪.૦૧.૨૦૨૨ રજુ કરેલ છે.

૪.૬ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૩૦ અંતર્ગત "પુનઃજોડાણ વીજભારમાં વધારો કે ઘટાડો નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવાની માટેની અરજી તે જગ્યાના સંબંધિત કોઈલેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સંબંધમાં કોઈ બાકી રકમ ચૂકવવામાં આવશે નહીં ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં."

૪.૭ ફરિયાદી અરજદાર અને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ સ્થળ રોજકામ તા.૦૭.૦૯.૨૦૨૨ મુજબ ચતુર્દીશા નીચે મુજબ નોંધાયેલ છે.

  પૂર્વ : - આ બાજુ રે.સ.ન.-૧૯૪ વાળી જમીન આવેલ છે.

  પશ્ચીમે : - હરિકૃષ્ણ મેગ્નેશિયમનું કારખાનુ

  ઉતરે : - અમરાપરથી ઇગરોળા જવાનો કાચો રસ્તો

  દક્ષીણે : - સર્વે નંબર : ૧૯૭ (સરકારી ખરાબો)

વધુમાં, સદર રોજકામમાં જણાવ્યા મુજબ વીજચેકિંગ અધિકારી નાયબ ઈજનેર (ચેકિંગ), હળવદ વિભાગીય કચેરી, નાયબ ઈજનેર ભચાવ, વિભાગીય કચેરી અને જુનીયર ઈજનેર વિભાગીય કચેરી હળવદ દ્વારા તા.૧૦.૦૨.૨૦૨૧ ના રોજ બટુકભાઈ મથુરભાઈ સાકરીયા ગ્રાહક નં – ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ગામ : ઈંગરોળા ખાતે આવેલ એલ.ટી.એમ.ડી. વીજજોડાણ ચેકિંગ કરવામાં આવેલ હતું ત્યારે ચેકિંગશીટ અને રોજકામ તૈયાર કરવામાં આવેલ હતું, તે વખતે તેમાં જણાવેલ પ્લાન્ટ -૧ અને પ્લાન્ટ -૨ નો ઉલ્લેખ કરાયેલ હતો જેમાં પ્લાન્ટ -૧ એટલેકે બટુકભાઈ મથુરભાઈ સાકરીયા ગ્રાહક નં – ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ની જગ્યા તથા પ્લાન્ટ -૨ એટલેકે સદર જણાવેલ વીજજોડાણમાંથી આશરે ૧૨૦૦ મી. દુર વીજવપરાશ ચાલુ હતો, તે જગ્યા અને શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયાની વીજજોડાણ માંગણી વાળી જગ્યા સર્વે નંબર :૧૯૩ જુના અમરાપર નવા માંગણી મુજબની જગ્યાંની એકજ છે. સદર રોજકામમાં ફરિયાદી અરજદાર સંજયભાઈ અરજણભાઈ સાકરીયા, બટુકભાઈ મથુરભાઈ સાકરીયા, સજુભા ચંદુભા સોલંકી અને પીજીવીસીએલ કંપનીના અધિકારીઓ વચ્ચે થયેલ રોજકામમાં હાજર રહેલ તમામ વ્યક્તિઓની લેખિતમાં સહી કરેલ છે.

૪.૮ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર કેસને સ્પર્શતા ઈલેક્ટ્રીસીટી અધિનિયમ-૨૦૦૩ની ૧૩૫ કલમ મુજબ આપવામાં આવેલ બિલ સામે શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા SCA-૫૩૦૭ તા.૧૪.૦૩.૨૦૨૨ નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદથી દાખલ કરવામાં આવેલ છે. તેની મુદત તા.૩૦.૦૩.૨૦૨૨ હતી. જે અનુસંધાને તા.૩૦.૦૪.૨૦૨૨ના રોજ એફીડેવીટ સામેવાળા પક્ષકારના નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હળવદ દ્વારા રજુ કરવામાં આવેલ અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તા.૦૨.૦૫.૨૦૨૨ના રોજ દસ્તાવેજી પુરાવા સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટના વકીલ દ્વારા રજુ કરવામાં આવેલ. ત્યારબાદ,તા.૦૬.૦૭.૨૦૨૨ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા જણાવવામાં આવેલ કે પુરવણીબીલના પચાસ ટકા (૫૦%) રકમ અરજદાર ભરવા તૈયાર છે જે અંગે તા.૦૧.૦૮.૨૦૨૨ની તારીખ નામદાર કોર્ટ દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ હતી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૨૪.૦૮.૨૦૨૨ની મુદત આપવામાં આવેલ હતી. પરંતુ, વીજચોરી કરનાર ગ્રાહક બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા સદર મુદત સુધી કોઈપણ રકમ ભરપાઈ કરેલ ન હતી. હાલમાં, નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૦૭.૦૯.૦૨૦૨૨ની મુદત આપવામાં આવેલ હતી ત્યારબાદ તા.૧૪.૦૯.૨૦૨૨ ની મુદત અપાયેલ છે જે અન્વયે બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા આજદીન સુધી કોઈપણ જાતનું પેમેન્ટ કરવામાં આવેલ નથી.

૪.૯ અરજદારની ફરિયાદ અને પીજીવીસીએલ પક્ષકારની લેખિત મૌખિક અને રજુ કરેલ આધાર-પુરાવાની વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૦.૦૨.૨૦૨૨ નાં રોજ હળવદ તાલુકાના ઈંગરોળા ગામે શ્રી બટુકભાઈ મથુરભાઈ સાકરીયાનું વીજજોડાણ ગ્રાહક નં - ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ની ચેકિંગશીટ અને કરાયેલ રોજકામ મુજબ વીજઅધિનિયમન ની કલમ નં – ૧૩૫ અન્વયે પાવરચોરીનું બીલ આપેલ છે તેમજ સદર બાબતે કરાયેલ રોજકામ તા.૧૦.૦૨.૨૦૨૨ માં દર્શાવ્યા મુજબ સદર વીજજોડાણ માંથી પ્લાન્ટ-૦૨ માં એટલેકે ૧૨૦૦ મીટર દુર હરિકૃષ્ણ મેગ્નેશિયમ ગ્રાહક નં – ૭૩૬૧૯/૦૦૧૦૦/૨ ની પાછળના ભાગમાં વીજવપરાશ થતો હોવાનું બતાવેલ છે, જે જગ્યા સદર ફરિયાદી દ્વારા નવું વીજજોડાણ રે.સ.ન. – ૧૯૩, ગામ-અમરાપરની જમીનમાં નવું વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ જે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ સર્વે મુજબ ઉપરોક્ત ચેકિંગશીટમાં બતાવેલ પ્લાન્ટ-૨ ની જગ્યામાં વીજવપરાશ બિનઅધિકૃત રીતે થતો હતો તે જગ્યા એકજ હોય જેમાં પીજીવીસીએલ કંપનીની ઉપરોક્ત કરાયેલ ચેકિંગ અન્વયે વીજચોરીની બાકી લેણી રકમ હોવાથી સદર ફરિયાદીની નવા વીજજોડાણની નોંધણી થયેલ અરજી દફતરે કરવામાં આવે છે તેની લેખિત પત્ર તા.૨૦.૦૫.૨૦૨૨ થી ફરિયાદી અરજદારને જાણ કરેલ છે.

ત્યારબાદ અરજદારની ફોરમમાં કરાયેલ રજૂઆતના અનુસંધાને ફોરમની સુચના મુજબ બન્ને પક્ષકારોની હાજરીમાં અરજદારની નવા વીજજોડાણની અરજીની જગ્યામાં પીજીવીસીએલની રજૂઆત મુજબ તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ કરાયેલ ચેકિંગ મુજબ બટુકભાઈ મથુરભાઈ સાકરીયા ગ્રાહક નં – ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ગામ : ઈંગરોળા ૩૦ કીવો એલ.ટી.એમ.ડી. વીજજોડાણ અન્વયે દર્શાવેલ પ્લાન્ટ- ૧ (૩૦ હોપા + ૧.૭૫૨ કીવો) અને પ્લાન્ટ -૨ (૩૬ હોપા) ની જગ્યામાં વીજવપરાશ ચાલતો જોવા મળેલ હતો જે અનુસંધાને કરાયેલ ગેરરીતી મુજબ પાવરચોરીની રકમ બાકી છે તે જગ્યાની ખરાઈ કરવા સ્થળ સ્થિતિનો વિસ્તૃત રીપોર્ટ રજુ કરવા ફોરમ સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૨ ના રોજ જણાવેલ જે અન્વયે પક્ષકારો અને તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ આ સ્થળે જે અધિકારીઓએ વીજજોડાણની ચકાસણી કરેલ હતી તે જ અધિકારીઓની હાજરીમાં સ્થળ સ્થિતિનો વિસ્તૃત રીપોર્ટ તા.૦૭.૦૯.૨૦૨૨ ના રોજ કરાયેલ જે ફોરમ સમક્ષ રજુ કરેલ તે મુજબ તા.૧૦.૦૨.૨૦૨૨ ના રોજ ગ્રાહક નં – ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ના વીજજોડાણની ચેકિંગશીટમાં દર્શાવેલ પ્લાન્ટ-૨ ની જગ્યા એટલેકે સદર વીજચેકિંગ કરાયેલ સ્થળથી આશરે ૧૨૦૦ મીટર દુર આવેલ જે જગ્યામાં વીજવપરાશ ચાલુ હતો તે જગ્યા અને શ્રી સંજયભાઈ અરજણભાઈ સાકરીયાના નવા વીજજોડાણની માંગણીવાળા સર્વે નંબર : ૧૯૩, ગામ : અમરાપર એ બન્ને જગ્યા સ્થળ અલગ-અલગ નથી પરંતુ એકજ જગ્યા હોવાનું ફલિત થાય છે. તદઉપરાંત આ ગ્રાહક નં - ૭૩૬૧૯/૦૦૨૦૬/૧ ના ઉપરમુજબના પાવરચોરીના વીજબીલ અન્વયે બટુકભાઈ મથુરભાઈ સાકરીયા દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન – ૫૩૦૭/૨૦૨૨ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે પડતર છે.

આમ, ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલશ્રીના નોટીફીકેશન નં – ૦૨/૨૦૧૯ ના મુદ્દા નં – ૨.૩૩ (૧) મુજબ સમાન બાબત સંબંધમાં અને સમાન ફરિયાદી અને પરવાનેદારની વચ્ચેની બાબતો અંગેના કેસો કે જેની કાર્યવાહી કોઇ અદાલત, ટ્રિબ્યુનલ, લવાદ કે બીજા કોઇ તંત્ર પાસે નિકાલ બાકી હોય અથવા આવી કોઇ અદાલત, ટ્રિબ્યુનલ, દલાલ કે તંત્ર દ્વારા હુકમનામું, નિર્ણય કે આખરી હુકમ પસાર કરાયો હોય, તેવા કેઈસોના નિકાલની સતા ફોરમના કાર્યક્ષેત્રમાં ન હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |